# Gujarat PSI

## Previous Year Paper

### Mains Law 2015

1) સક્ષમ સરકારી અધિકારીના હુકમનો અનાદર કરવાની શિક્ષા ઇન્ડીયન પીનલ કોડની કઇ કલમ હેઠળ કરવામાં આવે છે ?

(A).188 (B).186 (C).168 (D).166

ANS:188

2) ઇન્ડીયન પીનલ કોડની કલમ ૩૦૭ માં નીચેનામાંથી કઇ સજાની જોગવાઇ કરવામાં આવેલ નથી. ?

(A).૧૦ વર્ષ (B).આજીવન કેદ (C).દેહાન્ત દંડ (D).ઉપરની તમામ

ANS:પ્રશ્ન રદ કરવામાં આવે છે.

3) ઇન્ડીયન પીનલ કોડ મુજબ કોઇ સ્ત્રીને અભદ્ર ટિપ્પણી કરવામાં આવે તો નીચેનામાંથી કઇ કલમ મુજબ શિક્ષા થઇ શકે ?

(A).352 (B).353 (C).376 (D).374

ANS:પ્રશ્ન રદ કરવામાં આવે છે

4) જયારે કોઇ વ્યક્તિ પોતાના સ્વબચાવ માટે કોઇ બીજી વ્યક્તિને મારે છે તે બાબતનો ઇન્ડીયન પીનલ કોડની કયા પ્રકરણમાં સમાવેશ કરવામાં આવેલ છે.

(A).4 (B).5 (C).6 (D).7

ANS:4

5) ચોરીની વ્યાખ્યામાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે.

(A).ચોરી હંમેશા જંગમ મિલ્કતની થાય છે. (B).ચોરી કરેલી વસ્તુ બીજી કોઇ વ્યક્તિના કબ્જામાં હોવી જરૂરી છે. (C).ચોરીમાં ભયનું તત્વ હોતું નથી. (D).ઉપરના તમામ

ANS:ઉપરના તમામ

6) લૂંટ અને ધાડમાં શું તફાવત હોય છે ?

(A).લૂંટ અને ધાડમાં શું તફાવત હોય છે ? (B).લૂંટમાં 4 થી વધારે માણસો હોય છે. (C).લૂંટમાં 4 થી ઓછા માણસો હોય છે (D).ઉપરમાંથી કોઇ નહીં

ANS:લૂંટમાં 4 થી ઓછા માણસો હોય છે

7) ઇન્ડીયન પીનલ કોડ મુજબ કોઇ વ્યક્તિ 15 વર્ષની છોકરી સાથે તેની સંમતીથી સંભોગ કરે તો નીચેનામાંથી કયો ગુનો બને છે.

(A).બલાત્કારનો ગુનો બને છે. (B).છેડતીનો ગુનો બને છે. (C).વ્યભીચારનો ગુનો બને છે. (D).કોઇ ગુનો બનતો નથી.

ANS:બલાત્કારનો ગુનો બને છે.

8) ચલણી નોટોના ગુનાઓ ઇન્ડીયન પીનલ કોડની કઇ કલમ મુજબ બને છે

| | | | |
|---|---|---|---|
| (A).498(ક) | (B).489(ક) | (C).304 (ક) | (D).153(ક) |

ANS:489(ક)

9) ગુન્હાહીત કાવતરા માટે નીચેનામાંથી કઇ જોગવાઇનો સમાવેશ થતો નથી.

| | | | |
|---|---|---|---|
| (A).ઓછામાં ઓછા બે વ્યક્તિ હોવા જોઇએ. | (B).ગેરકાનૂની સાધનો દ્વારા કરવામાં આવે છે. | (C).ગુન્હાહીત કાવતરાનો અમલ થવો જરૂરી છે. | (D).ઉપરના તમામ |

ANS:ગુન્હાહીત કાવતરાનો અમલ થવો જરૂરી છે.

10) જયારે કોઇ અસ્થિર મગજની વ્યક્તિ ગુનો કરે છે ત્યારે તે અંગે ઇન્ડીયન પીનલ કોડમાં શું જોગવાઇ કરવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| (A).ગુનો બને છે | (B).ગુનો બનતો નથી | (C).અડધી સજાની જોગવાઇ છે. | (D).ઉપરના એક પણ નહિ |

ANS:ગુનો બનતો નથી

11) ઇન્ડીયન પીનલ કોડ પ્રમાણે નીચેના પૈકી કઇ બાબત સહ ગુનેગાર સાબિત કરવા માટે મહત્વની છે.

| | | | |
|---|---|---|---|
| (A).એક સરખા હથિયારો | (B).એક સરખો ઇરાદો | (C).એક જ વાહનનો ઉપયોગ | (D).એક જ સ્થળે હુમલો |

ANS:જવાબ : એક સરખો ઇરાદો

12) કેટલા દિવસ સુધી સખત શારીરિક પીડા થાય તેને મહાવ્યથા કહેવાય ?

| | | | |
|---|---|---|---|
| (A).15 દિવસ | (B).20 દિવસ | (C).30 દિવસ | (D).18 દિવસ |

ANS:20 દિવસ

13) ઇન્ડીયન પીનલ કોડમાં કોના રક્ષણ માટે વ્યક્તિને અધિકાર છે ?

| | | | |
|---|---|---|---|
| (A).મિલ્કતના | (B).શરીરના | (C).મિલ્કત અને શરીરના | (D).ઉપરના એકપણ નહિ |

ANS:મિલ્કત અને શરીરના

14) ભ્રષ્ટાચાર નાબૂદી અધિનિયમમાં કૂલ કેટલી કલમો છે ?

| | | | |
|---|---|---|---|
| (A).92 | (B).31 | (C).39 | (D).48 |

ANS:31

15) બલાત્કારના ગુનાની તપાસ દરમિયાન તેણીની મેડિકલ તપાસ કયારે થઇ શકે ?

(A).ન્યાયાધીશના હુકમ પછી (B).તપાસ અધિકારીની યોગ્ય વિનંતીથી (C).પોલીસ કમિશ્નરની મંજુરી મળ્યા પછી (D).ભોગ બનનાર મહિલાની સહમતીથી

ANS:ભોગ બનનાર મહિલાની સહમતીથી

16) ખાનગી બચાવનો હક્ક નીચેના કયા કિસ્સામાં મળવાપાત્ર નથી ?

(A).કોઇ બીજી વ્યક્તિના જીવ બચાવવા (B).બલાત્કાર અટકાવવા (C).લૂટ અટકાવવા (D).રાજય સેવકને ફરજમાં અડચણ

ANS:રાજય સેવકને ફરજમાં અડચણ

17) ગુનાહિત ધમકીની સજાની જોગવાઇ ઇન્ડીયન પીનલ કોડની કઇ કલમમાં કરવામાં આવેલ છે ?

(A).500 (B).506 (C).507 (D).510

ANS:506

18) નીચેનામાંથી કેવા આરોપીઓની મેડીકલ તપાસ કરાવવી પોલીસ માટે ફરજીયાત નથી ?

(A).બલાત્કારના ગુનાની (B).ચોરીના ગુનાના આરોપીની (C).ઇજાગ્રસ્ત આરોપીની (D).ઉપરના તમામ

ANS:ચોરીના ગુનાના આરોપીની

19) નીચેનામાંથી કયા પ્રકારની ઇજાનો સમાવેશ મહાવ્યથામાં થાય છે ?

(A).હાથ મચકોડાઇ જવો (B).પુરૂષત્વનો નાશ (C).શરીરે છાલા પડી જવા (D).શરીરે છોલાઇ જવું

ANS:પુરૂષત્વનો નાશ

20) ઇન્ડીયન પીનલ કોડની કઇ કલમ હેઠળ ન્યાયાધીશ ફાંસીનો હુકમ કરીને આરોપીનું મોત નીપજાવવા બદલ ગુનેગાર બનતો નથી ?

(A).77 (B).81 (C).86 (D).74

ANS:77

21) ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ વધારેમાં વધારે કેટલી સજા કરી શકે છે ?

(A).3 વર્ષ (B).7 વર્ષ (C).10 વર્ષ (D).૫ વર્ષ

ANS:7 વર્ષ

22) પબ્લિક પ્રોસીકયુટરની નિમણુંક ક્રીમીનલ પ્રોસીજર કોડની કઇ કલમ મુજબ થાય છે ?

(A).24 (B).34 (C).44 (D).54

ANS:24

23) કોગ્નીઝેબલ અને બીજા જામીનલાયક ગુનામા ધરપકડ કરવાની સત્તા નીચેનામાંથી કોને છે ?

| | | | |
|---|---|---|---|
| (A).પોલીસ | (B).મેજીસ્ટ્રેટ | (C).ખાનગી વ્યક્તિ | (D).ઉપરના તમામ |

ANS:ઉપરના તમામ

24) જયારે કોઇ વ્યક્તિ પાસેથી શંકાસ્પદ વસ્તુ કે ચોરેલી વસ્તુ મળી આવે ત્યારે તે વ્યક્તિને ક્રીમીનલ પ્રોસીજર કોડની કઇ કલમ હેઠળ ધરપકડ કરી શકે છે ?

| | | | |
|---|---|---|---|
| (A).41 (1)(a) | (B).41 (1)(b) | (C).41 (1)(c) | (D).41 (1)(d) |

ANS:41 (1)(d)

25) ભ્રષ્ટાચાર નાબૂદી અધિનિયમની કલમ – 13 કઇ જોગવાઇ છે ?

| | | | |
|---|---|---|---|
| (A).રાજય સેવકનું ગુનાહીત ગેરવર્તન | (B).રાજય સેવક દ્વારા કોઇ વ્યક્તિ પાસેથી કિંમતી વસ્તુઓ મેળવવી | (C).રાજય સેવા દ્વારા ગુનામાં દોષ | (D).રાજય સેવક દ્વારા ફરજમાં બેદરકારી |

ANS:રાજય સેવકનું ગુનાહીત ગેરવર્તન

26) ક્રીમીનલ પ્રોસીજર કોડ હેઠળ પોલીસ કેવી રીતે ધરપકડ કરી શકે છે ?

| | | | |
|---|---|---|---|
| (A).વોરંટથી જ ધરપકડ કરી શકે | (B).વગર વોરંટે પણ ધરપકડ કરી શકે | (C).ભારતમાં કોઇપણ જગ્યાએથી કરી શકે | (D).ઉપરના તમામ |

ANS:ઉપરના તમામ

27) એકસીકયુટીવ મેજીસ્ટ્રેટની સ્થાનીક હુકમત કોણ નક્કી કરી શકે ?

| | | | |
|---|---|---|---|
| (A).રાજય સરકાર | (B).હાઇકોર્ટ | (C).જીલ્લા મેજીસ્ટ્રેટ | (D).ડિસ્ટ્રીક કોર્ટ |

ANS:રાજય સરકાર

28) નિગૃહણીય ગુનો (Cognizable offence) એટલે.......

| | | | |
|---|---|---|---|
| (A).જે ગુનામાં પોલીસ વગર વોરંટ ધરપકડ કરી શકે તે | (B).જે ગુનામાં પોલીસ વોરંટ હોય તો જ ધરપકડ કરી શકે તે | (C).ગંભીર પ્રકારના ગુના | (D).દીવાની પ્રકારના |

ANS:જે ગુનામાં પોલીસ વગર વોરંટ ધરપકડ કરી શકે
તે

29) ક્રીમીનલ પ્રોસીજર કોડના કાયદામાં 'તપાસ' (inquiry) અંગે કયુ વિધાન ખોટું છે ?

| | | | |
|---|---|---|---|
| (A).તપાસ અદાલત કે મેજીસ્ટ્રેટ દ્વારા કરાય છે | (B).તપાસ પોલીસ અધિકારી દ્વારા કરાય છે. | (C).તપાસ પુરી થયા પછી સુનાવણી શરૂ થાય છે. | (D).તપાસનો ઉદેશ્ય પુરાવો લઇને હકીકતની સત્યતા તપાસવાનો છે. |

ANS:તપાસ પોલીસ અધિકારી દ્વારા કરાય છે.

30) અન્વેષણ (Investigation) અંગે કયું વિધાન ખોટું છે ?

| | | | |
|---|---|---|---|
| (A).અન્વેષણ માત્ર પોલીસ અધિકારી દ્વારા જ થાય છે | (B).અનિગૃહણીય ગુનામાં પોલીસ મેજીસ્ટ્રેટના હુકમવગર અન્વેષણ શરૂ ન કરી શકે | (C).અન્વેષણમાં પુરાવો એકત્ર કરવા માટે પોલીસે કરેલતમામ કાર્યવાહીનો સમાવેશ થાય છે. | (D).અન્વેષણ મેજીસ્ટ્રેટ દ્વારા પણ થઇ શકે છે |

ANS:પ્રશ્ન રદ કરવામાં આવે છે.

31) વોરંટ કેસ એટલે ?

| | | | |
|---|---|---|---|
| (A).7 વર્ષથી વધુ સજાને પાત્ર ગુનો | (B).આજીવન કેદને પાત્ર ગુનો | (C).ફાંસીની સજાને પાત્ર ગુનો | (D).ફાંસી, આજીવન કેદ કે બે વર્ષથી વધુ સજાને પાત્ર ગુનો |

ANS:ફાંસી, આજીવન કેદ કે બે વર્ષથી વધુ સજાને પાત્ર ગુનો

32) સેશન્સ જજે ફરમાવેલ મોતની સજા કોની મંજુરીને આધીન છે ?

| | | | |
|---|---|---|---|
| (A).હાઇકોર્ટ | (B).સુપ્રીમ કોર્ટ | (C).રાષ્ટ્રપતિ | (D).ગૃહ મંત્રાલય |

ANS:હાઇકોર્ટ

33) પબ્લિક પ્રોસીકયુટર માટેના નામોની પેનલ કોણ નક્કી કરે છે. ?

| | | | |
|---|---|---|---|
| (A).હાઇકોર્ટના મુખ્ય ન્યાયધીશ | (B).જીલ્લા કલેકટર | (C).હાઇકોર્ટના રજીસ્ટ્રાર | (D).ડિસ્ટ્રીક મેજીસ્ટ્રેટ |

ANS:ડિસ્ટ્રીક મેજીસ્ટ્રેટ

34) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ 125 હેઠળ કોણ ભરણ પોષણનો દાવો માંગી શકે ?

| | | | |
|---|---|---|---|
| (A).પત્ની | (B).માતા પિતા | (C).બાળકો | (D).ઉપરના બધાં |

ANS:ઉપરના બધાં

35) FIR અંગે પોલીસ સ્ટેશનના અધિકારીની જવાબદારી શું છે ?

(A).ગુનો થયાની મૌખિક બાબતની લેખિત નોંધ કરવી
(B).માહિતી આપનારને તે નોંધ વાચી સંભળાવવી
(C).સરકારે નિયત કરેલ ચોપડીમાં તેની વિગત નોંધવી
(D).ઉપરના બધી

ANS:ઉપરના બધી

36) ક્રીમીનલ પ્રોસીજર કોડની કઇ કલમ હેઠળ પોલીસ અધિકારીને અન્વેષણ પરથી કોઇ આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા ન મળે તો તેને કસ્ટડીમાંથી મુકત કરવાની જોગવાઇ છે ?

(A).169
(B).168
(C).170
(D).171

ANS:169

37) ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ 173 કઇ બાબત અંગેની છે ?

(A).મેજીસ્ટ્રેટ સમક્ષનું નિવેદન
(B).તહોમતનામું
(C).અન્વેષણ પુરૂ થયા બાદ પોલીસ અધિકારીનો અહેવાલ
(D).ઉપરમાંથી એકેય નહીં

ANS:અન્વેષણ પુરૂ થયા બાદ પોલીસ અધિકારીનો અહેવાલ

38) ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ 144 હેઠળના હુકમનો ઉદેશ્ય શો છે ?

(A).હુલ્લડ કે બખેડો અટકાવવો
(B).જાહરે શાંતિમાં દખલ અટકાવવાનો
(C).માનવ-જિંદગી કે સલામતીનો ભય અટકાવવાનો
(D).ઉપરના બધાં

ANS:ઉપરના બધાં

39) ભ્રષ્ટ્રાચાર નાબૂદી અધિનિયમ હેઠળ બેન્કર શા બાબતથી બંધાયેલી છે ?

(A).બેંકમાં ખાતું હોય તેને સહાય કરવા બાબત
(B).આર.બી.આઇ.ની ગાઇડ લાઇન પ્રમાણે સહાય કરવા બાબત
(C).પોલીસ અધિકારીને સહાય કરવા બાબતમાં
(D).ઉપરના (A) અને (C)

ANS:પોલીસ અધિકારીને સહાય કરવા બાબતમાં

40) ક્રીમીનલ પ્રોસીજર કોડના કાયદા મુજબ કોઇપણ અદાલત માત્ર કોને રેફરન્સ કરી શકે ?

(A).હાઇકોર્ટને
(B).સેશન્સ કોર્ટને
(C).સિવિલ કોર્ટને
(D).ટ્રિબ્યુનલને

ANS:હાઇકોર્ટને

41) ભારતીય એવીડન્સ એકટ મુજબ મૃત્યુ અગાઉ કરેલ કથન કયારે પ્રસ્તુત ગણાય જેનો નીચેનામાંથી કઇ કલમમાં સમાવેશ કરવામાં આવેલ છે ?

| | | | |
|---|---|---|---|
| (A).22 | (B).32 | (C).42 | (D).52 |

ANS:32

42) ભારતીય એવીડન્સ એકટમાં મરણોન્મુખ નિવેદન કયારે સ્વીકાર્ય ગણાતુ નથી.

| | | | |
|---|---|---|---|
| (A).ઇશારાથી કરેલ નિવેદન | (B).નિવેદન કરવાની ક્ષમતાનો અભાવ | (C).નિવેદન કર્યા પછી વ્યક્તિ જીવી શકે | (D).ઉપરના તમામ હેતુઓ |

ANS:નિવેદન કરવાની ક્ષમતાનો અભાવ

43) ભારતીય એવીડન્સ એકટની કલમમાં 'સાંભળેલ પુરાવા' અંગેની જોગવાઇ છે ?

| | | | |
|---|---|---|---|
| (A).57 | (B).60 | (C).47 | (D).67 |

ANS:60

44) નીચેના પૈકી કોણ ભારતીય એવીડન્સ એકટના કાયદા મુજબ નિષ્ણાંત તરીકે સેવા આપી શકે ?

| | | | |
|---|---|---|---|
| (A).ફિંગર પ્રિન્ટ નિષ્ણાંત | (B).હસ્તાક્ષર નિષ્ણાંત | (C).અસ્ત્ર વિધા નિષ્ણાંત | (D).ઉપરના બધાજ |

ANS:ઉપરના બધાજ

45) આરોપીએ પોલીસ કસ્ટડીમાં કરેલી કબુલાત કયારે માન્ય ગણાય છે ?

| | | | |
|---|---|---|---|
| (A).પોલીસ અધિકારી સમક્ષ કબુલાત કરી હોવી જોઇએ | (B).મેજીસ્ટ્રેટ સમક્ષ કબુલાત કરી હોવી જોઇએ | (C).પબ્લિક પ્રસીકયુટર સમક્ષ કબુલાત કરી હોવી જોઇએ | (D).આરોપીની બુલાત રીસેસ સિવાયના સમયે હોવી જોઇએ |

ANS:મેજીસ્ટ્રેટ સમક્ષ કબુલાત કરી હોવી જોઇએ

46) કયા પ્રકારના પુરાવાઓની ઉલટ તપાસ થઇ શકતી નથી ?

| | | | |
|---|---|---|---|
| (A).પ્રત્યક્ષ પુરાવા | (B).કાનથી સાંભળેલા પુરાવા | (C).ઇલેક્ટ્રોનિક પુરાવા | (D).ફોટોગ્રાફી |

ANS:કાનથી સાંભળેલા પુરાવા

47) નીચેનામાંથી સાક્ષીની તપાસના જુદા-જુદા તબક્કાઓમાં શેનો સમાવેશ થાય છે ?

| | | | |
|---|---|---|---|
| (A).સરતપાસ | (B).ઉલટ તપાસ | (C).ફેર તપાસ | (D).ઉપરોકત ત્રણેય |

ANS:ઉપરોકત ત્રણેય

48) રાજય સલામતી કમિશનના અધ્યક્ષપદે કોણ હોય છે ?

(A).રાજયના ગૃહ મંત્રીશ્રી (B).મુખ્ય મંત્રીશ્રી (C).રાજયના ગૃહ સચિવશ્રી (D).રાજયના પોલીસ વડા

ANS:મુખ્ય મંત્રીશ્રી

49) ભારતીય એવીડન્સ એકટમાં બાળકની સાક્ષી તરીકેની ભૂમિકા કયારે માન્ય રખાતી નથી ?

(A).અંધ બાળક દ્વારા આપવામાં આવેલ જુબાની (B).પ્રશ્નોના ઉતર બુધ્ધિની કસોટી પર ન હોય (C).અસ્થિર મગજ ધરાવતા બાળક દ્વારા આપવામાં આવેલ જુબાની (D).આપેલ કોઇપણ પરિસ્થિતિમાં

ANS:અસ્થિર મગજ ધરાવતા બાળક દ્વારા આપવામાં આવેલ જુબાની

50) ભારતીય એવીડન્સ એકટની કલમ 74 માં શેની જોગવાઇ છે ?

(A).નિર્ણાયક નોંધ (B).જાહેર દસ્તાવેજ (C).ગર્ભિત નોંધ (D).વર્તણુંક નોંધ

ANS:જાહેર દસ્તાવેજ

51) ભારતીય એવીડન્સ એકટની કઇ કલમ હેઠળ થયેલ કબુલાત સંદર્ભે તેનો કેટલોક ભાગ પુરાવા આધારીત સાબિત કરી શકાશે ?

(A).25 (B).26 (C).27 (D).24

ANS:27

52) પુરાવા તરીકે નીચેના પૈકી કઇ બાબત કોર્ટમાં ગ્રાહ્ય છે ?

(A).પોલીસ સમક્ષનું નિવેદન (B).આરોપીની કબુલાત (C).મેજીસ્ટ્રેટ સમક્ષનું નિવેદન (D).ઉપરના તમામ

ANS:મેજીસ્ટ્રેટ સમક્ષનું નિવેદન

53) કયા વર્ષમાં 'દહેજ હત્યા ધૃષ્ટતા' તરીકે ભારતીય એવીડન્સ એકટના કાયદામાં કલમ 113(બી) શામેલ કરવામાં આવી ?

(A).1983 (B).1986 (C).1962 (D).1961

ANS:1986

54) ભારતીય એવીડન્સ એકટના કાયદામાં ઇલેકટ્રોનિકસ પુરાવાઓને કયા વર્ષથી આધારભૂત પુરાવા તરીકે માન્યતા મળી ?

(A).વર્ષ - 2002 (B).વર્ષ – 2004 (C).વર્ષ - 1999 (D).વર્ષ – 2000

ANS:વર્ષ – 2000

55) કોઇ વ્યક્તિના કબજામાંથી ચોરીનો માલ મળી આવે તો ન્યાયાલય કેવા અનુમાન કરી શકે છે ?

| | | | |
|---|---|---|---|
| (A).તે વ્યક્તિ ચોર છે | (B).ચોરીનો માલ ખરીદનાર છે | (C).તે ચોરીના ગુનાનો સાથી છે | (D).ઉપરના તમામ |

ANS:ઉપરના તમામ

56) રાજય પોલીસ મહેકમ બોર્ડના અધ્યક્ષપદે કોણ છે ?

| | | | |
|---|---|---|---|
| (A).ડારેકટર જનરલ ઓફ પોલીસ | (B).રાજયના ગૃહમંત્રીશ્રી | (C).રાજયના મુખ્ય સચિવ | (D).રાજયના ગૃહ સચિવ |

ANS:ડારેકટર જનરલ ઓફ પોલીસ

57) સુપ્રિમ કોર્ટ દ્વારા આઇ.ટી. એકટની કલમ 66 (એ) નાબુદ કરવામાં આવેલ છે તેમા માનવીના કયા અધિકારાનું હનન થતું હતું ?

| | | | |
|---|---|---|---|
| (A).જીવનનો અધિકાર | (B).ધાર્મિક સ્વાતંત્ર | (C).વાણી સ્વાતંત્ર | (D).સમાનતાનો અધિકાર |

ANS:વાણી સ્વાતંત્ર

58) અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) ધારામાં અનુસૂચિત જાતઓ એટલે........

| | | | |
|---|---|---|---|
| (A).બંધારણની કલમ 366 ના ખંડ 24 મુજબની જાતિઓ | (B).બંધારણની કલમ 365 ના ખંડ 24 મુજબની જાતિઓ | (C).બંધારણની કલમ 366 ના ખંડ 25 મુજબની જાતિઓ | (D).બંધારણની કલમ 363 ના ખંડ 25 મુજબની જાતિઓ |

ANS:બંધારણની કલમ 366 ના ખંડ 24 મુજબની જાતિઓ

59) અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) ધારા મુજબ ખાસ પબ્લિક પ્રોસીકયુટરની નિમણૂંક માટે ઓછામાં ઓછી કેટલા વર્ષની વકીલાતની પ્રેક્ટિસ જરૂરી છે ?

| | | | |
|---|---|---|---|
| (A).10 | (B).7 | (C).12 | (D).9 |

ANS:7

60) નીચેનામાંથી રાષ્ટ્રપતિ દ્વારા કોની નિમણૂંક કરવામાં આવતી નથી ?

| | | | |
|---|---|---|---|
| (A).વડાપ્રધાન | (B).મુખ્ય ચુંટણી કમિશ્નર | (C).ચીફ જસ્ટીસ | (D).મુખ્યમંત્રી |

ANS:મુખ્યમંત્રી

61) અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) ધારા હેઠળના ગુનાની તપાસ માટે નિમાયેલઅધિકારી તપાસનો અહેવાલ કોને મોકલી આપશે ?

| | | | |
|---|---|---|---|
| (A).પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ | (B).જીલ્લા મેજીસ્ટ્રેટ | (C).ગૃહ સચિવ | (D).પોલીસ મહાનિદેશક |

ANS:પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ

62) રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ગેરહાજરીમાં રાષ્ટ્રપતિનો ચાર્જ કોની પાસે રહે છે ?

| | | | |
|---|---|---|---|
| (A).સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટીસ | (B).લોકસભાના સ્પીકર | (C).રાજયસભાના ડેપ્યુટી સ્પીકર | (D).વડાપ્રધાન |

ANS:સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટીસ

63) સામાન્ય ચુંટણી પછી લોકસભાની પ્રથમ બેઠકની અધ્યક્ષતા કોણ કરે છે ?

| | | | |
|---|---|---|---|
| (A).રાષ્ટ્રપતિ | (B).ઉપરાષ્ટ્રપતિ | (C).લોકસભાના સીનીયર સભ્ય | (D).વડાપ્રધાન |

ANS:લોકસભાના સીનીયર સભ્ય

64) ભારતીય બંધારણના કયા આર્ટીકલ મુજબ નાણાપંચની રચના કરવામાં આવેલ છે ?

| | | | |
|---|---|---|---|
| (A).280 | (B).380 | (C).353 | (D).253 |

ANS:280

65) ભાષાનો સમાવેશ ભારતીય બંધારણના કયા શેડયુલમાં કરવામાં આવેલ છે ?

| | | | |
|---|---|---|---|
| (A).4 | (B).8 | (C).10 | (D).12 |

ANS:8

66) ભારતીય બંધારણના સંશોધન કઇ રીતે થાય છે ?

| | | | |
|---|---|---|---|
| (A).સાદી બહુમતીથી | (B).2/3 બહુમતીથી | (C).2/3 બહુમતીથી તથા અડધાથી વધારે રાજયોની સમ્તીથી | (D).ઉપરના તમામ |

ANS:ઉપરના તમામ

67) ભારતીય બંધારણમાં યુનિફોર્મ સીવીલ કોડનો સમાવેશ કયા આર્ટીકલમાં કરવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| (A).41 | (B).44 | (C).48 | (D).54 |

ANS:44

68) લોકસભાનું સત્ર ચલાવવા માટે કેટલું કોરમ હોવું જરૂરી છે ?

| | | | |
|---|---|---|---|
| (A).5% | (B).10% | (C).15% | (D).20% |

ANS:10%

69) ભાષાવાર રાજયોની રચના સૌપ્રથમ કઇ સાલમાં થઇ ?

| | | | |
|---|---|---|---|
| (A).1951 | (B).1955 | (C).1956 | (D).1961 |

ANS:1956

70) નીચેનામાંથી નાયબ વડાપ્રધાન કોણ ન હતું ?

| | | | |
|---|---|---|---|
| (A).લાલ કૃષ્ણ અડવાણી | (B).ચૌધરી ચરનસિંહ | (C).ગુલજારીલાલ નંદા | (D).બાબુ જગજીવનરામ |

ANS:ગુલજારીલાલ નંદા

71) ગુજરાત પ્રોહીબીશન એકટ, 1949 માં આપેલ દેશી દારૂની વ્યાખ્યા શું છે ?

| | | | |
|---|---|---|---|
| (A).મહુડાના ફુલ, ગોળ, ફટકળી અને નવસારનું મિશ્રણ | (B).ભારતમાં ઉત્પન્ન થતાં બધા પ્રકારના દારૂ | (C).ગુજરાતમાં ગળાતો દેશી પધ્ધતિનો મધરો | (D).ગુજરાતમાં દેશી દ્રવ્યો અને સાધનોથી બનતે 5 લીટરથી ઓછું દ્રવ્ય |

ANS:ભારતમાં ઉત્પન્ન થતાં બધા પ્રકારના દારૂ

72) રાજયસભામાં દર વર્ષે કેટલા સભ્યો નિવૃત થાય છે ?

| | | | |
|---|---|---|---|
| (A).01-Mar | (B).02-Mar | (C).01-Feb | (D).03-Apr |

ANS:01-Mar

73) ક્રોમ્પટ્રોલર અને ઓડીટર જનરલ (સી.એ.જી) ની નિમણૂંક કોણ કરે છે ?

| | | | |
|---|---|---|---|
| (A).વડાપ્રધાન | (B).સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટીસ | (C).ઉપરાષ્ટ્રપતિ | (D).રાષ્ટ્રપતિ |

ANS:રાષ્ટ્રપતિ

74) કેન્દ્ર સરકાર કે રાજય સરકાર પોતાના સભાગૃહના વધારેમાં વધારે કેટલા ટકા પ્રધાન (મિનીસ્ટર) રાખી શકે છે ?

| | | | |
|---|---|---|---|
| (A).15% | (B).20% | (C).10% | (D).5% |

ANS:15%

75) પ્રધાનો (મિનીસ્ટર)ની સંખ્યા મર્યાદીત કરતો ભારતીય બંધારણીય સુધારો કેટલાંમો હતો ?

| | | | |
|---|---|---|---|
| (A).90 મો | (B).91 મો | (C).92 મો | (D).93 મો |

ANS:91 મો

76) ચુંટણી કમિશ્નરને કોની ભલામણથી હટાવી શકે છે ?

| | | | |
|---|---|---|---|
| (A).વડાપ્રધાન | (B).રાષ્ટ્રપતિ | (C).સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટીસ | (D).ચીફ ચુંટણી કમિશ્નર |

ANS:ચીફ ચુંટણી કમિશ્નર

77) કેન્દ્ર સરકારના કાયદા અને રાજ્ય સરકારના કાયદા વચ્ચે ટકરાવની સ્થિતિમાં નીચેનામાંથી કઇ પરિસ્થિતિ સાચી છે ?

| | | | |
|---|---|---|---|
| (A).કેન્દ્ર સરકારનો કાયદાનો સર્વોપરી છે. | (B).રાજ્ય સરકારનો કાયદો સર્વોપરી છે | (C).સુપ્રિમ કોર્ટ નિર્ણય લે છે | (D).રાષ્ટ્રપતિ નિર્ણય લે છે |

ANS:કેન્દ્ર સરકારનો કાયદાનો સર્વોપરી છે.

78) ભરાતીય બંધારણમાં યુનિયન લીસ્ટમાં કેટલા વિષયોનો સમાવેશ થાય છે ?

| | | | |
|---|---|---|---|
| (A).92 | (B).95 | (C).97 | (D).98 |

ANS:97

79) લોકસભામાં રાષ્ટ્રપતિને કેટલા સભ્યોની નિમણુંક કરવાની સત્તા છે ?

| | | | |
|---|---|---|---|
| (A).2 | (B).5 | (C).12 | (D).સત્તા નથી |

ANS:2

80) મહાભિયોગ પધ્ધતિ નીચેનામાંથી કોને લાગુ પડતી નથી ?

| | | | |
|---|---|---|---|
| (A).વડાપ્રધાન | (B).રાષ્ટ્રપતિ | (C).ઉપરાષ્ટ્રપતિ | (D).સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટીસ |

ANS:વડાપ્રધાન

81) આઇ.એમ.એફ.એલ. એટલે શુ ?

| | | | |
|---|---|---|---|
| (A).વિદેશી દારૂ | (B).દેશી દારૂ | (C).ભારતમાં બનેલી વિદેશી દારૂ | (D).બીયર |

ANS:ભારતમાં બનેલી વિદેશી દારૂ

82) ગુજરાત પ્રોહીબીશન એકટનો ભંગ કરનાર વ્યક્તિ સામે કઇ કલમ હેઠળ જામીનગીરી લઇ શકાય ?

| | | | |
|---|---|---|---|
| (A).95 | (B).93 | (C).96 | (D).90 |

ANS:93

83) ભષ્ટ્રાચાર નાબૂદી અધિનિયમ નીચેના પૈકી કોને લાગુ પડે છે ?

| | | | |
|---|---|---|---|
| (A).વિદેશમાં રહેતા ભારતના નાગરિક | (B).ભારતમાં રહેતા વિદેશી નાગરીક | (C).તમામ ભારતીય નાગરીક | (D).ઉપરના તમામ |

ANS:ઉપરના તમામ

84) ભષ્ટ્રાચાર નાબૂદી અધિનિયમ હેઠળ ટ્રેપ કરવાની કાર્યવાહી નીચેનામાંથી કયા દરજ્જાના અધિકારી કરી શકે નહીં ?

| | | | |
|---|---|---|---|
| (A).પોલીસ સબ ઇન્સ્પેકટર | (B).પોલીસ અધિક્ષક | (C).નાયબ પોલીસ અધિક્ષક | (D).ઉપરના તમામ |

ANS:પોલીસ સબ ઇન્સ્પેકટર

85) પોલીસ ખાતામાં સૌથી નીચલા દરજ્જાના અધિકારી કોણ છે ?

| | | | |
|---|---|---|---|
| (A).લોકરક્ષક | (B).હેડ કોન્સ્ટેબલ | (C).એ.એસ.આઇ | (D).કોન્સ્ટેબલ |

ANS:લોકરક્ષક

86) ગુજરાત પોલીસ એકટની કઇ કલમ મુજબ સુર્યાસ્તથી સુર્યોદય સુધીમાં શંકાસ્પદ હાલતમાં મળી આવેલા વ્યક્તિ વિરૂધ્ધમાં કાર્યવાહી થઇ શકે છે ?

| | | | |
|---|---|---|---|
| (A).કલમ - 110 | (B).કલમ - 122 | (C).કલમ - 39 | (D).કલમ – 107 |

ANS:કલમ - 122

87) અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) ધારા પર એટ્રોસીટીસ સંબંધી ગુનાઓની તપાસ નીચેના પૈકી કયા અધિકારી કરી શકે છે ?

| | | | |
|---|---|---|---|
| (A).પોલીસ સબ ઇન્સ્પેકટર | (B).પોલીસ અધિક્ષક | (C).નાયબ પોલીસ અધિક્ષક | (D).ઉપરના તમામ |

ANS:પ્રશ્ન રદ કરવામાં આવે છે

88) મોટર વાહન અધિનિયમની કઇ કલમ મુજબ ડ્રાઇવર પાસે ડ્રાઇવીંગ લાયસન્સ હોવું ફરજીયાત છે ?

| | | | |
|---|---|---|---|
| (A).કલમ - 3 | (B).કલમ - 4 | (C).કલમ - 5 | (D).કલમ – 11 |

ANS:કલમ - 3

89) નશાયુકત હાલતમાં વાહન ચલાવવું તે મોટર વ્હીકલ એકટની કઇ કલમનો ભંગ ગણાય છે ?

| | | | |
|---|---|---|---|
| (A).કલમ - 185 | (B).કલમ - 207 | (C).કલમ - 3 | (D).કલમ – 184 |

ANS:કલમ - 185

90) ગુજરાત પ્રોહીબીશન એકટ હેઠળ પાડવામાં આવેલ દરોડા વખતે મળી આવેલ નીચેના પૈકી કઇ વસ્તુ જપ્તીને પાત્ર છે ?

| | | | |
|---|---|---|---|
| (A).દારૂ ગાળવાનો ઓજારો | (B).તમામ નાશયુકત પદાર્થ | (C).ગુનામાં વપરાયેલ સાધનો | (D).ઉપરના તમામ |

ANS:ઉપરના તમામ

91) ભ્રષ્ટાચાર નાબૂદી અધિનિયમ હેઠળ સરકારી નોકર લાંચ લે તો કઇ કલમ હેઠળ શિક્ષાની જોગવાઇ કરેલી છે ?

| (A).7 | (B).8 | (C).10 | (D).ઉપરના તમામ |
|---|---|---|---|

ANS:10

92) કોઇ રાજય સેવક અનુસૂચિત જાતિ કે જનજાતિના ન હોય અને તે અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) ધારા હેઠળની ફરજો ઇરાદાપૂર્વક ટાળે તો તેને કઇ કલમ મુજબ સજા કરી શકાય ?

| (A).2 | (B).3 | (C).5 | (D).7 |
|---|---|---|---|

ANS:પ્રશ્ન રદ કરવામાં આવે છે

93) નીચેના પૈકી કોણ મોટર વાહન અધિનિયમમાં ડ્રાઇવીંગ લાયસન્સ આપવાની સત્તા ધરાવે છે ?

| (A).પોલીસ કમિશ્નર | (B).જિલ્લા મેજીસ્ટ્રેટ | (C).આર.ટી.ઓ | (D).ઉપરના તમામ |
|---|---|---|---|

ANS:આર.ટી.ઓ

94) કોઇ અસામાજિક વ્યક્તિ નીચે જણાયેલ કાયદાઓમાંથી કયા કાયદાની જોગવાઇ મુજબ તડીપાર કરી શકાય છે ?

| (A).ઇન્ડીયન પીનલ કોડ | (B).ગુજરાત પોલીસ એકટ | (C).ગુજરાત પ્રોહીબીશન એકટ | (D).પાસા |
|---|---|---|---|

ANS:ગુજરાત પ્રોહીબીશન એકટ

95) પોલીસ મોટર વાહન અધિનિયમની કઇ કલમ મુજબ વાહન ડીટેઇન કરવાની સત્તા મળેલી છે ?

| (A).207 | (B).307 | (C).102 | (D).27 |
|---|---|---|---|

ANS:207

96) ટ્રાન્સપોર્ટ વ્હીકલ ચલાવવા માટે ઓછામાં ઓછી કેટલી ઉંમર હોવી જોઇએ. ?

| (A).18 | (B).21 | (C).23 | (D).25 |
|---|---|---|---|

ANS:21

97) જાહેર બિભિત્સ વર્તાવ માટે ગુજરાત એકટની કઇ કલમ મુજબ શિક્ષા થાય છે ?

| (A).110, 117 | (B).110, 107 | (C).110, 114 | (D).101, 117 |
|---|---|---|---|

ANS:110, 117

98) અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) ધારામાં નીચેનામાંથી કઇ કલમમાં શિક્ષાની જોગવાઇ કરવામાં આવેલ છે ?

| (A).2 | (B).3 | (C).9 | (D).11 |
|---|---|---|---|

ANS:3

99) ગુજરાત પ્રોહીબીશન એકટ, 1949 મુજબ ઉત્પાદનમાં શાનો સમાવેશ થતો નથી ?

| | | | |
|---|---|---|---|
| (A).દારૂ તથા કેફી પદાર્થ ઔષધ ઉત્પન્ન કરવામાં આવે | (B).દારૂ તથા કેફી પદાર્થને સુગંધિત કરવાની પ્રક્રિયા | (C).ઝાડમાંથી તાડી ઉત્પન્ન કરવાની, કાઢવાની પ્રક્રિયા | (D).ખાનગી ઉપયોગ માટે કાયદેસર કબજાના દારૂ, ઔષધને સુવાસિત કે રંગ ચડાવવાની પ્રક્રિયા |

ANS:ખાનગી ઉપયોગ માટે કાયદેસર કબજાના દારૂ,
ઔષધને સુવાસિત કે રંગ ચડાવવાની પ્રક્રિયા

100) અનુસૂચિત જાતિ અને જનજાતિના કાયદાની ન્યાયિક પ્રક્રિયા કલ અદાલતમાં ચાલે છે ?

| | | | |
|---|---|---|---|
| (A).જિલ્લા અદાલત | (B).હાઇકોર્ટ | (C).ખાસ રચાયેલી અદાલત | (D).સિવિલ કોર્ટ |

ANS:ખાસ રચાયેલી અદાલત